પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૫૩ | ૧૨ ઓગસ્ટ, ૨૦૧૯, સોમવાર; શ્રાવણ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કેરળ-કર્ણાટકમાં પુરની સ્થિતિ ગંભીર

**લાખો નાગરિકો હજુ રાહત કેમ્પોમાં : કર્ણાટક સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસેથી ૩૦૦૦ કરોડ રૂપિયાની સહાયની માંગ : કેરળમાં ૧.૬૫ લાખ લોકો રાહત કેમ્પમાં : બચાવ-રાહત કામગીરી : કેરળમાં મોતનો આંકડો ૬૦ અને કર્ણાટકમાં ૩૧ ઉપર પહોંચ્યો**



નવી દિલ્હી,તા. ૧૧

કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં પુરની સ્થિતિ હજુ પણ ગંભીર બનેલી છે. ત્રણેય રાજ્યોમાં મોતનો આંકડો પણ સતત વધી રહ્યો છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. કેરળ, કર્ણાટક અને મહારાષ્ટ્રમાં મોતનો આંકડો વધીને ૧૩૨ સુધી પહોંચી ચુક્યો છે. આ ઉપરાંત તમિળનાડુમાં પણ ભારે વરસાદ અને પુરના કારણે પાંચ લોકોના મોત થઈ ચુક્યા છે જેથી મોતનો આંકડો ૧૩૭ સુધી પહોંચ્યો છે. ગુજરાતના આંકડાને ધ્યાનમાં લેવામાં આવે તો આ આંકડો ૧૬૦થી પણ ઉપર પહોંચી ચુક્યો છે. કેરળ અને કર્ણાટકમાં હાલત કફોડી બનેલી છે. કેરળમાં પુરના કારણે ૬૦ લોકોના મોત થઈ ચુક્યા છે. સેંકડો લોકો હજુ પણ લાપત્તા થયેલા છે. કેરળના અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીમાં સેના અને એનડીઆરએફની ટીમો લાગેલી છે. તમિળનાડુમાં ભારે વરસાદના કારણે પાંચ લોકોના મોત થયા છે. કેરળમાં પુરની સ્થિતી વધુને વધુ ગંભીર બની રહી છે. એકલા કેરળમાં જ ઓછામાં ઓછા ૬૦ લોકોના મોત થઈ ચુક્યા છે. નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે.કેરળમાં આજે વધુ ૧૮ લોકોના મોત થતાં મોતનો આંકડો વધીને ૬૦ ઉપર પહોંચી ચુક્યો છે. બચાવ ટીમ દ્વારા વાયનાડમાંથી નવના મૃતદેહો શોધી કાઢવામાં આવ્યા છે. કેરળના સાત જિલ્લામાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. કેરળના જે સાત જિલ્લામાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી

● અનુસંધાન પાન-૭ પર

## જયશંકર હવે ચીની નેતાઓ સાથે મંત્રણા માટે બેજીંગ પહોંચ્યા

**આજે વાતચીતનો સિલસિલો શરૂ થઇ જશે : જયશંકર ચીની પ્રમુખની વાતચીતની રૂપરેખા તૈયાર કરશે**



નવી દિલ્હી, તા. ૧૧

કલમ ૩૭૦ની નાબૂદી બાદ પાકિસ્તાનની સાથે વધી ગયેલી તંગદિલી વચ્ચે વિદેશમંત્રી એસ જયશંકર ત્રણ દિવસના પ્રવાસ ઉપર આજે ચીન પહોંચ્યા હતા. બે દિવસ પહેલા જ પાકિસ્તાનના વિદેશમંત્રી શાહ મહેમુદ કુરેશી પણ બેજિંગ પહોંચ્યા હતા. અલબત્ત જયશંકરની આ યાત્રા પહેલાથી જ નક્કી કરવામાં આવી હતી. વિદેશમંત્રી જયશંકરની આ યાત્રા દરમિયાન આ વર્ષે ચીની પ્રમુખ જિંગપિંગની ભારત યાત્રા માટેની વ્યવસ્થાને આખરી ઓપ આપવાને લઈને પણ મહત્વપૂર્ણ ગણવામાં આવી રહી છે. આ વાતચીત દરમિયાન જયશંકર તેમના કાર્યક્રમને આખરી ઓપ આપશે. જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ને નાબૂદ કરવામાં આવ્યા બાદ ભારતીય વિદેશમંત્રીની આ પ્રથમ ચીન યાત્રા છે. જમ્મુ કાશ્મીરને બે કેન્દ્ર શાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવી ચુક્યું છે. ચીને પણ અગાઉ વાંધો ઉઠાવ્યો હતો પરંતુ ભારતે રદિયો આપ્યો હતો. કલમ

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરમાંથી ત્રાસવાદનો પૂર્ણ ખાત્મો કરાશે

**કલમ ૩૭૦થી કાશ્મીરને ક્યારે કોઇ ફાયદો થયો ન હતો : રાજ્યસભામાં કલમ ૩૭૦ મુદ્દા ઉપર ભારે હોબાળો થવાનો ભય હતો જેથી પહેલા બિલ રાજ્યસભામાં રજૂ : કલમને દૂર કરવાને લઇ દુવિધાઓ ન હતી**




ચેન્નાઈ, તા. ૧૧

જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબૂદી બાદ રાજ્યમાં સામાન્ય સ્થિતિ સ્થાપિત થઈ રહી છે. કેન્દ્ર સરકારના આ ઐતિહાસિક નિર્ણય ઉપર કેન્દ્રીયમંત્રી અમિત શાહે આજે કહ્યું હતું કે, કલમ ૩૭૦થી કાશ્મીરને ક્યારે પણ કોઈ ફાયદો થયો ન હતો. કલમ ૩૭૦ને ખુબ પહેલા ખતમ કરી દેવાની જરૂર હતી પરંતુ આ કલમને હિંમતપુર્વક દૂર કરી શકાય ન હતી. મોદી સરકારે આ હિંમત દર્શાવીને કલમ ૩૭૦ને દૂર કરી દીધી છે. અમિત શાહે કહ્યું હતુ કે, રાજ્યસભામાં તેમનો બિલને લઈને ધાંધલ ધમાલનો ભય હતો જેથી રાજ્યસભામાં પહેલા આ બિલ રજૂ કરવામાં આવ્યું હતું. ચેન્નાઈમાં રાજ્યસભાા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુ પર પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં અમિત શાહે કહ્યું હતું કે, ગૃહમંત્રીના રુપમાં કલમ ૩૭૦ને દૂર કરવાને લઈને નિર્ણય લેતી વેળા તેમના મનમાં કોઈપણ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### આંધ્રપ્રદેશમાં ફાર્મા ફેક્ટરીમાં આગથી બેના મોત

આંધ્રપ્રદેશના શ્રી કાકુલમ વિસ્તારમાં અરબિંદો ફાર્મા ફેક્ટરીમાં આગ લાગતા બે ના મૃત્યુ નીપજ્યા હતા જ્યારે એક વ્યક્તિ ઘાયલ થઈ હતી. પોલીસે રાહત અને બચાવ કામગીરી શરૂ કરી છે. આગના કારણોની શોધખોળ ચાલુ છે.

### પાક.માં ટામેટા ૩૦૦ રૂ. કિલો

કલમ ૩૭૦ રદ કરવાના ભારતના નિર્ણયનો વિરોધ કરી રહેલા પાકિસ્તાને ભારત સાથેનો વેપાર બંધ કરી દીધો છે. આ નિર્ણય હવે પાકિસ્તાનને ભારે પડી રહ્યો છે. ભારતથી આયાત થતી ચીજો બંધ થતા પાકિસ્તાનમાં ટામેટાના ભાવ ૩૦૦ રૂ. કિલો પર પહોંચ્યા છે. જ્યારે દૂધનો ભાવ રૂ. ૧૦૦ પર પહોંચી ગયો છે.

### પ્રિયંકા ગાંધી સોનાભદ્ર જશે

કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી ૧૩મીએ સોનભદ્ર જશે. તેઓ અહીં નરસંહારમાં માર્યા ગયેલા પરીવારજનો સાથે મુલાકાત કરશે. સોનભદ્રમાં નરસંહારમાં ૧૦ લોકોના મૃત્યુ નીપજ્યા હતા. આ મામલે ૨૯ લોકો વિરૂદ્ધ કેસ દાખલ કરાયો છે.

### એક વ્યક્તિ ૧૦૦ દિવસથી સમય હોટલમાં રહ્યો,૧૨ લાખ બિલ ચૂકવ્યા વગર ફરાર

હૈદરાબાદનો એક અજીબ કિસ્સો સામે આવ્યો છે. હૈદરાબાદની એક હોટેલમાં એક વ્યક્તિ ૧૦૦ દિવસથી વધારે સમય સુધી રહ્યો અને કથિત રીતે ૧૨.૩૪ લાખ રૂપિયા બિલ ચૂકવ્યા વગર ફરાર થઈ ગયો છે.

પોલિસે કહ્યું કે તાજ બંજારા હોટલના સંચાલન દ્વારા દાખલ કરેલી એક ફરિયાદ પર કાર્યવાહી કરતા પોલિસે એ.શંકર નારાયણની વિરૂદ્ધ છેતરપિંડી અને ગુનાહિત વિશ્વાસઘાતનો કેસ દાખલ કર્યો છે. જેને વિશાખાપટ્ટનમનો વેપારી કહેવામાં આવી રહ્યો છે.

# ભારત પર 'અફઘાની અટેક' કરવાની આઈએસઆઈ તૈયારીમાં : હાઈએલર્ટ જાહેર

**૧૫ ઓગસ્ટ પહેલા આતંકીઓના નિશાને મોટી સરકારી સંસ્થાઓ**

ન્યુ દિલ્હી,તા.૧૧

ગુપ્તચર વિભાગે દેશમાં આતંકી હુમલાની ચેતવણી આપી છે. ગુપ્તચર વિભાગના અહેવાલ બાદ સુરક્ષાબળના જવાનો અને સુરક્ષા એજન્સીઓને પણ અલર્ટ કરી દેવામાં આવી છે. સુત્રોનું માનીએ તો આઈબીએ ૧૫ ઓગસ્ટ પહેલા આતંકી હુમલાનું અલર્ટ જાહેર કર્યુ છે.

આ હુમલાને અંજામ આપવા માટે અફઘાનિસ્તાનના નાગરિકોનો ઉપયોગ થઈ શકે છે. જ્યારે અન્ય એક ઈનપુટ મુજબ આતંકી સંગઠનૈં જૈંજીના ભારતમાં રહેલા સમર્થકો દ્વારા મોટો હુમલો થઈ શકે છે. બકરી ઈદ એટલે કે આવતીકાલે ઈદની નમાજ સમયે હુમલો થઈ શકે છે. ૧૫ ઓગસ્ટ પહેલા આતંકીઓના નિશાને પર મોટી સરકારી સંસ્થાઓ છે. આ સિવાય ટ્રાન્સપોર્ટ નેટવર્ક, જેમ કે રેલવે, બસ, મેટ્રો અને એરપોર્ટ પણ આતંકીઓના નિશાને છે.

જમ્મુ અને કાશ્મીર પર કેન્દ્ર સરકારના નિર્ણય બાદ પીઓકેમાં આશરે એક ડઝન આતંકી અડ્ડા સક્રિય થઈ ગયા છે.ૈં છદ્બજી પ્રમાણે ઈસ્લામાબાદે પીઓકે અને જમ્મુ કાશ્મીરથી લગતી સીમા પર એક ડઝન આતંકી અડ્ડી સક્રિય કરી દીધા છે. જમ્મુ કાશ્મીરથી ધારા ૩૭૦ હટાવ્યા બાદથી આતંકી અડ્ડામાં ગત સપ્તાહે ઘણી ગતિવિધિઓ જોવા મળી હતી. ઉચ્ચ ગુપ્ત સૂત્રોના જણાવ્યા અનુસાર એલઓસી પાસે આવેલા પીઓકે ક્ષેત્રના કોટલી, રાવલકોટ, બાઘ અને મુઝફ્ફરબાગમાં આતંકી અડ્ડા પ્રત્યક્ષ રૂપથી પાકિસ્તાની સેનાના સહયોગથી ફરીથી સક્રિય થઈ ગયા છે જેને જોતા ભારતીય સુરક્ષા બળોને હાઈ અલર્ટ પર રાખવામાં આવી છે.

## જમ્મુ-કાશ્મીરમાં સીમાંકન બાદ જ વિધાનસભા ચૂંટણી યોજાશે

**એસસી-એસટી સીટોમાં ક્વોટા વધશે, જમ્મુ ક્ષેત્રની બેઠકોમાં વધારો થશે**

ન્યુ દિલ્હી,તા.૧૧

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી યોજાવવામાં હજુ કેટલાક મહિના લાગી શકે છે. એનું કારણ એ છે કે ચૂંટણી પંચ પહેલાં વિધાનસભા સીટોનું સીમાંકન કરશે અને ત્યારબાદ જ ચૂંટણી પ્રક્રિયા થઈ શકે તેવા અહેવાલ સાંપડી રહ્યાં છે. એમાં ઓછામાં ઓછા ચાર મહિનામો સમય લાગી શકે છે. જમ્મુ-કાશ્મીર પુર્નગઠન એક્ટ-૨૦૧૯ અનુસાર રાજયમાં વિધાનસભાની સીટોનુ સીમાંકન જરુરી છે.

નવા સીમાંકન અંતર્ગત કેન્દ્ર શાસિત પ્રદેશ બનનાર જમ્મુ-કાશ્મીરમાં હવે વિધાનસભા સીટોમાં એસસી-એસટીને અનામત મળી શકે છે. જોકે, હવે સીટોનો આંકડો ૧૧૧ને બદલે ૧૦૭ કરવાની યોજના છે. હમણાં સુધી એમાં ૨૪ સીટો પાકિસ્તાન અધિકૃત કાશ્મીર માટે રાખી રખાતી હતી અને હવે એ સીટ ખાલી કરાશે. એનો અર્થ એ થયો કે કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ-કાશ્મીર માટે ૮૩ વિધાનસભા સીટો પર ચૂંટણી યોજાશે.

ચૂંટણી પંચે હજુ ઔપચારિક રીતે સીટોના સીમાંકન માટે સરકાર સાથો કોઈ ચર્ચા કરી નથી. માનવામાં આવી રહ્યું છે કે, કેન્દ્ર સરકાર ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી કરાવવાના પક્ષમાં નથી. જમ્મુ-કાશ્મીરની સુરક્ષા વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને હજુ થોડો વિલંબ થઈ શકે છે.

અહીંયા એ પણ નોંધવું રહ્યું કે, લડાખ અને જમ્મુ-કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવવાની તારીખ ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ નક્કી કરવામાં આવી છે. આ દિવસે દેશના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલની જયંતિ પણ છે.

# જમ્મુ કાશ્મીરમાં જનજીવન પૂર્વવત ગોળીબાર અંગે અહેવાલ ખોટા

**રાહુલના ખીણમાં પરિસ્થિતિ ગંભીર હોવાના દાવાને જમ્મુ કાશ્મીર પોલીસે ફગાવ્યો : સાવચેતીના તમામ પગલાઓ**



શ્રીનગર, તા. ૧૧

જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ને દૂર કરવામાં આવ્યા બાદ સ્થાનિક લોકોના વિરોધ પ્રદર્શન અને પોલીસ ગોળીબારની ઘટનાઓ વચ્ચે કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા સ્પષ્ટતા કરવામાં આવ્યા બાદ હવે જમ્મુ કાશ્મીર પોલીસે પણ એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, જમ્મુ કાશ્મીરમાં ગોળીબારના કોઈ બનાવ બન્યા છે. જમ્મુ કાશ્મીરના પોલીસ અધિકારીઓના કહેવા મુજબ છેલ્લા છ દિવસના ગાળામાં જમ્મુ કાશ્મીરમાં એક પણ ગોળી ચાલી નથી. ડીજીપી દિલબાગ સિંહે કહ્યું છે કે, પથ્થરબાજીની એક નાનકડી ઘટના સિવાય સમગ્ર જમ્મુ કાશ્મીરમાં કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટના બની નથી. સાથે સાથે પોલીસે કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીના ખીણમાં સ્થિતિ ગંભીર હોવાના દાવાને પણ રદિયો આપ્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## આજે દેશભરમાં બકરી ઈદની ઉજવણી કરાશે

ન્યુ દિલ્હી,તા.૧૧

૧૨ ઓગસ્ટના રોજ દેશભરમાં બકરી ઈદની ઉજવણી કરવામાં આવશે. મુસ્લિમ બિરાદરો આ દિવસને ખાસ ઉત્સાહ સાથે ઉજવે છે. આ દિવસની તૈયારીના ભાગરૂપે ઠેરઠેર બકરા બજાર પણ સજ્જ થઈ ચુકી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આ બજારોમાં બકરાની ઊંચી ઊંચી બોલી લગાવવામાં આવી રહી છે.

સામાન્ય રીતે અલવરી પ્રજાતિના બકરા મોંઘા હોય છે. જામા મસ્જિદના બકરા બજારમાં આ પ્રજાતિના ત્રણ બકરા છે જેની કીમત ૧૧ લાખ લગાવવામાં આવી છે. ઈકરામ નામના એક વ્યક્તિએ આ ત્રણ ૧૭૫થી ૨૦૦ કિલો વજન ધરાવતાં બકરાને ઉછેરીને મોટા કર્યા છે. આ ઉપરાંત ચાંદ નામનો બકરો પણ તેની કીમતના કારણે ચર્ચામાં છે. આ બકરાની કીમત તેના માલીકએ ૪ લાખ ૫૦ હજાર લગાવી છે. ઉલ્લેખનીય છે કે બકરા બજારમાં બરબરે, પંજાબી, મેવાતી, અલવરી, દોગલે અને દેશી બકરાની માંગ વધારે હોય છે.

એક જાણકારી અનુસાર કેટલાક લોકો બકરાનું વજન વધે અને તે હૃષ્ટપૃષ્ઠ થાય તે માટે તેને બીયરમાં કેમિકલ ઉમેરીને પીવડાવે છે. આ કારણે તેમને બકરાની સારી એવી કીમત મળે છે. બીયર સાથે કેટલાક બકરાને સોડા, ચણાનો લોટ પણ ખવડાવે છે. આ કામ એટલા માટે કરવામાં આવે છે કે બકરો વજનદાર હોય અને તેની કીમત સારી મળે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

R K VACATIONS PVT. LTD.
બેંગકોક પટાયા
રીટર્ન એર ટીકીટ, ૩*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, કોરલ આઈલેન્ડ
5N- 6D 27999 ₹
ગોવા
રીટર્ન એર ટીકીટ, ૪*હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
3N- 4D 14999 ₹
5000 રૂા. નું ગીફ્ટ વાઉચર દરેક પેકેજ પર પ્રતિ વ્યક્તિ
+91 79 61 61 35 35 - 40 40 35 35

Mahindra HOME FINANCE ફોન : ૦૭૯ - ૪૧૦૬૮૯૦૦
મહીન્દ્રા રૂરલ હાઉસિંગ ફા. લી. : ૮૨, ૮મો માળ, ન્યુયોર્ક ટાવર-એ, થલતેજ ક્રોસ રોડ પાસે, થલતેજ, અમદાવાદ - ૩૮૦૦૫૪.

પરિશિષ્ટ-કે | **પઝેશન નોટીસ** | સ્થાવર મિલકત માટે

**સિક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ)નિયમ, ૨૦૦૨ ના નિયમ ૮(૧) સાથે પરિશિષ્ટ ૪ મુજબ**

આથી, **મહિન્દ્રા રૂરલ હાઉસીગ ફાઈનાન્સ લીમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ની કલમ ૧૩ (૧૨) અને સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ નિયમ ૩ અંતર્ગત નીચે જણાવેલ ઉધારકર્તાઓ ને માંગણા નોટીસ જારી કરીને નોટીસ મળ્યાના ૬૦ દિવસોની અંદર નોટીસમાં જણાવેલ રકમ ચુકવવા જણાવેલ.
ઉધારકર્તાઓ ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ખાસ કરીને ઉધારકર્તાઓ અને સામાન્યતઃ જાહેર જનતાને નોટીસ થી જણાવવામાં આવે છે કે અધિનિયમની કલમ૧૩ની પેટા કલમ (૪) ની સાથે તથા સિકયુરીટ ઈન્ટરેસ્ટ ઈન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨નિયમ ૮ને વંચાણે લેતા આપેલી સત્તાની રૂએ નીચે જણાવેલ તારીખોએ મિલકતનો કબજો લીધેલ છે.
ઉધારકર્તાઓ/જામીનદારો/ગીરવેદારો ને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકતો અંગે કોઈપણ જાતનો વ્યવહાર ના કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **મહિન્દ્રા રૂરલ હાઉસીગ ફાઈનાન્સ લીમીટેડ** ની નીચે દર્શાવેલ રકમ વતા વ્યાજ તથા અન્ય ખર્ચા સાથેના બોજા સહિતનો રહેશે.
**સદરહુ કાયદાની કલમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે.**

| ઉધારકર્તાઓ અને જામીનદારોના નામ | ડીમાન્ડ નોટીસ ની તારીખ અને બાકી લેણાં રકમ | સ્થાવર મિલકતનું વર્ણન | કબજા તારીખ અને પ્રકાર |
|---|---|---|---|
| ૧) ચંચલબા આનંદભાઈ ગોસ્વામી<br>૨) રમેશભારથી આનંદભારથી ગોસ્વામી<br>૩) ભાવનાબેન રમેશભારથી ગોસ્વામી<br>૪) જશુભારથી રણછોડભારથી ગોસ્વામી (જામીનદાર), લોન ખાતા નં. ૨૦૪૪૧૬ | ૩૧.૦૭.૨૦૧૭<br>રૂા. ૧,૩૧,૧૦૩/-<br>અને ચુકવણી તારીખ સુધી ના નક્કી કરેલ દરે ચડત વ્યાજ, કોસ્ટ અને ખર્ચ સહીત. | મિલ્કત નં. ૧૦૪૩, ગામ : માણેકપુર તા. માણસા, જી. ગાંધીનગર. | ૦૯.૦૮.૨૦૧૯<br>સાંકેતીક |

તારીખ : ૦૯.૦૮.૨૦૧૯
સ્થળ : ગાંધીનગર
સહી/-
અધિકૃત અધિકારી, મહીન્દ્રા રૂરલ હાઉસિંગ ફાયનાન્સ લી.